જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦       ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૨/૨૦૧૫ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-**                    **સમાચાર યાદી નં.૨૫૨૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી ૫૬ લીટર દેશી દારૂ અને ૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ  કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-**                    **સમાચાર યાદી નં.૨૫૨૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-**                    **સમાચાર યાદી નં.૨૫૨૫/૧૫**

**શાહીબાગઃ** શાહીનબાનુ મહંમદહારુન મજરાવાળા (ઉ.વ.૩૬) (રહે. સિન્ધીવાડ મુડા દરવાજાની અંદર જમાલપુર) એ તા.૧૬/૧૨/૧૫ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૧૫ થી સાડા ત્રણ માસ પહેલા આરોપી (૧) નુરજહા અયુબઅલી સૈયદ (૨) મુનાવર અયુબઅલી સૈયદ (બન્ને રહે. કેમ્પ સદર બજાર મચ્છીબજાર શાહીબાગ) અને (૩) મયુર ગોહીલ (જેના પુરા નામઠામની ખબર નથી) એ ભેગા મળી બહુજન સુરક્ષાદળ ઇલોરા કોમ્પ્લ્ક્ષ મીરઝાપુર તથા કેમ્પ સદર બજાર ખાતે “ ઘર ના દીવડા ” ની સરકારશ્રીની યોજનામાં રૂપિયા ૫૦,૦૦૦/- ની લોન અપાવવાની લાલચ આપી શાહીનબાનુ મહંમદ હારુન મજરાવાળા અને અન્ય ૨૨ બહેનો પાસેથી રૂપિયા ૧,૧૦,૦૦૦/- ની રકમ લઇ જાનથી મારી નાખવાની ધમકી આપી છેતરપીડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ બી ઝાલા ચલાવે છે.

**ચોરીઃ-**                    **સમાચાર યાદી નં.૨૫૨૬/૧૫**

**સેટેલાઈટઃ** ભાર્ગવ મનોજભાઈ ચોક્સી (રહે. પારસકુંજ સોસાયટી ઉમિયા વિજયની ગલીમાં સેટેલાઈટ) તા.૧૬/૧૨/૧૫ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૨/૧૫ બપોરના ૨/૩૦ થી કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન શિવરંજની ચાર રસ્તા એસ્કોન સેન્ટરના ત્રીજા માળે ઓફિસન નંબર ૩૦૪ માંથી આઈપેડ, લેપટોપ નંગ-૩, હાર્ડ દિસ્ક, પેનડ્રાઈવ અને મોબાઈલ ફોન મળી કિમત રૂપિયા ૪૨,૮૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ચિનુભાઈ અમરસંગભાઈ ચલાવે  છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૫૨૭/૧૫**

**સોલા હાઇકોર્ટઃ** દર્શન મહેન્દ્રભાઈ ત્રીપાઠી (રહે.સ્વામિનારાયણ એવન્યુ અંજલી ચાર રસ્તા પાસે પાલડી) એ તા.૧૩/૧૨/૧૫ સાંજના ૭/૦૦ વાગે સોલા ભાગવત ઉમિયા કેમ્પસના પાર્કિંગમાં પોતાની સેન્ત્રો કાર નંબર જીજે ૧ એચ ડી ૨૫૨૦ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૧ કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ દર્શન ત્રીપાઠીએ તા.૧૬/૧૨/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ આર મેઘાણી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૫૨૮/૧૫**

**બાપુનગરઃ** ફાલ્ગુનીબહેન જયેન્દ્રકુમાર લેઉવા (ઉ.વ.૩૮) (રહે.ઈ કોલોની લીમડા ચોક અંદર અંબર સિનેમા સામે બાપુનગર) એ કોઈ કારણસર તા ૧૬/૧૨/૧૫ કલાક ૨/૦૦ થી કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હસમુખસિહ ગંભીરસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)